કોંગ્રેસની સરકાર બનશે તો, દસ દિનમાં ખેડૂતોના દેવા માફ થશે

ભાજપનો વિકાસ હવે ગાંડો થઇ ગયો લાગે છે, નોટબંધી-જીએસટીના કારણે દેશના લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે : રાહુલ ગાંધી દ્વારા દાવો

અમદાવાદ,તા. ૨૭

સૌરાષ્ટ્ર ઝોનના ત્રીજા દિવસના ચૂંટણીપ્રચાર દરમ્યાન રાહુલ ગાંધીએ ગુજરાતના ખેડૂતોને જાહેરમાં ખાતરીપૂર્વકનું આશ્વાસન આપ્યું હતું કે, જો આ વખતે ગુજરાતમાં કોંગ્રેસની સરકાર આવશે તો, કોંગ્રેસ રાજયભરના તમામ ખેડૂતોના દેવા માફ કરશે. કોંગ્રેસની દેશમાં જયાં જયાં સરકાર છે તે રાજયોમાં કોંગ્રેસે ખેડૂતોના દેવા માફ કર્યા છે અને ગુજરાતમાં પણ દસ જ દિવસમાં તમામ ખેડૂતોના દેવા કોંગ્રેસ માફ કરશે.

રાહુલની આ જાહેરાતને ખેડૂતોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યો હતો. રાહુલ ગાંધીએ આજે ફરી એકવાર નોટબંધી અને જીએસટીના મુદ્દે મોદી સરકાર અને ભાજપ પર જોરદાર આકરા પ્રહારો કર્યા હતા. નોટબંધી મુદ્દે રાહુલે જણાવ્યું કે, નોટબંધીના નિર્ણયના કારણે દેશવાસીઓને ભયંકર નુકસાન થયું છે. મોદીજીએ મનસ્વી રીતે રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટો અચાનક બંધ કરી દઇ દેશના અર્થતંત્રને તોડી નાંખ્યું હતું. ભાજપના ફુગ્ગામાંથી હવા નીકળી ગઇ છે. ભાજપ સરકારે જૂઠું બોલવામાં તમામ મર્યાદાઓ ઓળંગી દીધી છે અને તેથી ભાજપનો વિકાસ ગાંડો થઇ ગયો છે. મોદી અને ભાજપ સરકાર ખેડૂતોને ભૂલી ગયા છે, મોદીએ જનધન ખાતામાં રૂ.૧૫-૧૫ લાખ જમા કરાવવાની વાત કરી હતી, તે હજુ પૂરી થઇ નથી. મેક ઇન ઇન્ડિયાનું કામ ખરેખર ખેડૂતોએ કર્યું છે. મોદી સરકાર તેમના માનીતા ૧૫ ઉદ્યોગપતિઓને જ મદદ કરે છે, ખેડૂતોના પ્રશ્નો મોદી સરકારને સંભળાતા નથી પરંતુ કોંગ્રેસ ખેડૂતોને સાંભળશે. સૌથી પહેલા વીજળી-પાણી ખેડૂતોને અપાશે.

દેશમાં ૩૦ હજાર બેરોજગાર યુવાનો રોજગાર મેળવવા ભટકે ત્યારે માંડ ૪૦૦ જણાંને મોદી સરકાર રોજગારી આપી શકે છે, તેજ સ્પષ્ટ કરે છે, યુવાઓનો રોજગારી અપાવવામાં પણ ભાજપ નિષ્ફળ ગયું છે. અગાઉ રાહુલ ગાંધી ચોટીલા દર્શન કર્યા બાદ જસદણ, આટકોટ થઇને વિરપુર જલારામ મંદિરે દર્શનાર્થે ગયા હતા અને ત્યાંથી કાગવડ ખાતે પાટીદારોના ખોડલધામ ખાતે માં ખોડિયારના ભકિતભાવ સાથે દર્શન કર્યા હતા, જયાં પાટીદાર આગેવાનોએ રાહુલનું ભારે જોશપૂર્વક સ્વાગત કર્યું હતું. રાહુલે તેમના પ્રચાર પ્રવાસ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના છોબરી ગામ, રાજકોટ સહિતના સ્થળોએ મહિલાઓ સાથે પણ ખાસ સંવાદ-વાર્તાલાપ યોજી તેમના પ્રશ્નો અને સમસ્યાઓ સાંભળ્યા હતા. રાજકોટમાં તો મહિલાઓએ રાહુલ સાથે હાથ મિલાવવા પડાપડી કરી હતી.

અત્રે નોંધનીય છે કે, અર્થતંત્રને લઇને ભાજપ સરકાર ઉપર ચારેબાજુથી પ્રહાર થઇ રહ્યા છે. આર્થિક મંદી અને જુદા જુદા ક્ષેત્રોમાં મંદી આવ્યા બાદ તંત્ર પરેશાન થયેલું છે. પી ચિદમ્બરમ અને ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહા દ્વારા ટિકા કરવામાં આવ્યા બાદ મોદી સરકારની મુશ્કેલી વધી ગઈ છે. આવી સ્થિતિમાં હવે આગામી દિવસોમાં મોદી સરકારને વધુ આકમક રણનીતિ સાથે મેદાનમાં ઉતરવાની ફરજ પડશે. રાહુલ ગાંધી છેલ્લા ત્રણ દિવસથી મોદી સરકાર ઉપર આકમક પ્રહારો કરીને ગુજરાતમાં ભાજપ સરકારની મુશ્કેલી વધારી રહ્યા હતા. ભાજપને પણ હવે અર્થતંત્રમાં મંદીને લઇને સ્પષ્ટ જવાબો તૈયાર કરવા પડશે અને લોકોમાં વાસ્તવિકતા પહોંચાડવા માટેના પ્રયાસો કરવા પડશે.

દંત્રાલના મૃત પુત્રની વિમા પોલીસી લઈ વીમા ક્લેઈમમાં ખોટા દસ્તાવેજનો ભાંડો ફુટ્યો

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા શહેરમાં આવેલી રીલાયન્સ નિયોન લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીની શાખામાં પોશીના તાલુકાના ઈસમે મૃત પુત્રના નામે ખોટા દસ્તાવેજ, ખોટી સહીઓ કરી રૂ. ન લાખની જીવનવીમા પોલીસી લીધી હતી. મૃત પોલીસીધારકના વીમા ક્લેઈમના દસ્તાવેજની ચકાસણીમાં પોલીસધારકનું પોલીસી લીધા પહેલા મરણ થયાનુ બહાર આવતા કંપની સાથે રૂ. નવ લાખની છેતરપીંડીનો ભાંડો ફુટી જવા પામ્યો હતો. આ અંગે કંપનીએ મૃતકના પિતા તથા કંપનીના સેલ્સ મેનેજર વિરૂદ્ધ કંપનીએ છેતરપીંડી-વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવતા બંને તાલુકામાં ચકચાર મચી જવા પામી છે.

ખેડબ્રહ્મા પોલીસ પાસેથી મળતી વિગતો અનુસાર પોશીના તાલુકાના દંત્રાલ ગામના ડાભી રૂપાભાઈ પુંજાભાઈએ તેમના પુત્ર રમેશભાઈ ડાભીના નામથી રીલાયન્સ નિયોન લાઈફ ઈન્સ્યુરન્સ કંપનીની ખેડબ્રહ્મા શાખામાંથી રૂ. નવ લાખની જીવનવિમા પોલીસી તા. ૨૪-૩-૨૦૧૫ના રોજ લીધી હતી અને કંપનીએ ૫૧૧૩૯૯૨૨ નંબરની પોલીસી ઈસ્યુ કરી હતી. જેમાં જરૂરી દસ્તાવેજ, ચૂંટણીકાર્ડ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, બેંકની પાસબુક તથા ફોટો રજુ કરી પોલીસી ફોર્મમાં રમેશભાઈ ડાભીની સહી કરવામાં આવી હતી. તથા તા. ૨૩-૩-૨૦૧૫ના રોજ વિમા પ્રિમિયમ રૂ. ૧૮ હજાર કંપનીમાં જમા કરાવવામાં આવ્યા હતા. અને પોલીસી ડેકલેરેશન ઉપર સેલ્સ મેનેજર અંકિતભાઈએ સહી કરી હતી. વીમા ધારકનું અકસ્માતે કે કુદરતી મોત થાય તો તેના વારસદાર પોલીસીધારકના પિતાને રૂ. નવ લાખ ચુકવવાના હતા.

દરમિયાન તા. ૧૧-૭-૧૭ના રોજ વીમાધારક રમેશભાઈ ડાભીના પિતા રૂપાભાઈ ડાભીએ રમેશભાઈનું તા. ૮-૭-૧૭ના રોજ અવસાન થયુ છે તેવું જાહેર કરી વિમા ક્લેઈમની રકમ મેળવા અરજી કરી હતી. જેમાં જરૂરી દસ્તાવેજ પંચાયતનું મરણનું પ્રમાણપત્ર તથા પોલીસી રજુ કરવામાં આવી હતી. આ ક્લેઈમના અરજી ફોર્મમાં ખરાઈ કર્યાની અંકિતભાઈએ સહી કરી હતી. આ કાગળોની ખેડબ્રહ્મા શાખા તથા કંપનીના ઈન્વેસ્ટીગેશન ઓફીસરની ચકાસણીમાં પોલીસી ધારકનું તા. ૨૫-૧૨-૧૫ના રોજ અવસાન થયાનુ બહાર આવ્યુ હતુ. આમ રમેશભાઈ ડાભીના નામે ખોટા દસ્તાવેજ ઉભા કરી તા. ૨૪-૩-૧૫ના રોજ રૂ. નવ લાખની પોલીસી લેવામાં આવી મૃતકના પિતા રૂપાભાઈ તથા સેલ્સ મેનેજર અંકિતની સંયુક્ત મેળાપણુ બહાર આવ્યું હતું.

ભિલોડામાં નિતી નિયમો નેવે મુકી વાહન હંકારતાં ૧૭ વાહનો પોલીસે ડીટેઈન કર્યા

ભિલોડા,તા. ૨૭

ભિલોડામાં પ્રાઈવેટ વાહન ચાલકો આર.ટી.ઓ.ના નિતી નિયમો નેવે મુંકી વાહનો હંકારતાં ૧૭ વાહનો પોલીસે ડીટેઈન કર્યાછે. પોલીસે ડીટેઈન કરેલ પ્રાઈવેટ વાહન ચાલકો,માલીકો વિરૂધ્ધ કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ હાથ ધરી છે. પોલીસે લાલ આંખ કરતાં પ્રાઈવેટ વાહન ચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા તાલુકામાં પ્રાઈવેટ વાહન ચાલકો કાયદાની ઐસી-તેસી કરી આર.ટી.ઓ.ના નિતી-નિયમો નેવે મુંકી પ્રાઈવેટ જીપો, છકડા, રીક્ષામાં મન ફાવે તેમ મુસાફરો ભરી પુરપાટ ઝડપે હંકારતાં હોવાના કારણે અવાર-નવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે. અમુક પ્રાઈવેટ વાહન ચાલકો પાસે ડ્રાઈવીંગ લાયસન્સ અને વાહનનો વિમો પણ હોતો નથી તેમ લોકમુખે ચર્ચાય છે.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર. સંગાડા, પી.એસ.ઓ. મુકેશભાઈ પ્રજાપતી, ટ્રાફીક કોન્સ્ટેબલ રમણભાઈ અસારી સહિત પોલીસ સ્ટાફ વિવિધ માર્ગોઉપર વાહન ચેકીંગની કામગીરી દરમ્યાન પ્રાઈવેટ વાહનોમાં ઓવરલોડ મુસાફરો ભરેલી જીપો, છકડા, રીક્ષા, બાઈક ચાલકો પાસે લાયસન્સ વિહોણા ચાલકો બેફામ વાહનો હંકારતાં ૧૭ નાના-મોટા વાહનો પોલીસે ડીટેઈન કરી પોલીસ કંપાઉન્ડમાં વાહનો મુંકી દેવાતાં પ્રાઈવેટ વાહન ચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડામાં લોકમુખે ચર્ચાય છે કે પોલીસ તંત્ર ધ્વારા કાયદેસરની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવે તો વધુમાં વધુ વાહનો ઝડપાઈ શકે તેમ છે. અમુક પ્રાઈવેટ વાહન ચાલકો પાસે લાયસન્સ હોતું નથી. વાહનનો વિમો પણ હોતો નથી. પ્રાઈવેટ વાહન ચાલકો આર.ટી.ઓ.ના નિતી-નિયમો નેવે મુંકી પુરપાટ ઝડપે ગફલતભરી રીતે વાહનો હંકારતાં હોવાથી નિર્દોષ મુસાફરો રાહદારીઓનો મોતના ખપ્પરમાં હોમાઈ જતા હોય છે.

પાટીદારોને સહાયરૂપ થવા વિકાસ આયોગની રચનાને મંજૂરી

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકારે પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે તેમજ આર્થિક રીતે સહાયરૂપ થવા બિન અનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ આયોગની રચના કરવાનો રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં મહત્વનો નિર્ણય કર્યો છે. એમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, આ આયોગ હેઠળ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય તેમજ યુવાનોને સ્વરોજગારી માટે પણ સહાય અપાશે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલ રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં સંવેદનશીલ મુખ્યમંત્રીએ પાટીદાર સમાજ માટે લીધેલા નિર્ણયને આવકારતાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ગઈકાલે પાટીદાર સમાજ સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ચર્ચા થયા બાદ પાટીદાર સમાજ દ્વારા જે મુખ્યત્વે માંગણીઓ રજુ થઈ હતી તેનો અમલ કરવા રાજ્ય સરકાર વતી મેં બાંહેધરી આપી હતી, જેને સમગ્ર સમાજે આવકાર્યો છે. આ માંગણીઓ આજે કેબીનેટની બેઠકમાં રજુ કરાતાં કેબીનેટ દ્વારા પણ આ નિર્ણયોને બહાલી આપવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આ આયોગ દ્વારા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ અને યુવાનોને સહાયરૂપ થવા શૈક્ષણિક રીતે સહાય, વિદેશમાં અભ્યાસ લોન માટે સહાય તેમજ ખેતી માટે વિવિધ સહાય તથા ઓછા વ્યાજની લોન પણ આપવામાં આવશે. એટલું જ નહીં, વ્યવસાય, ખેતી, રોજગારી, વાહન ખરીદી જેવા કિસ્સાઓમાં પણ ઓછા વ્યાજની લોન જેવી સવલતો આયોગ દ્વારા અપાશે. તેમજ રાજ્ય સરકારની સબસીડી મળવાપાત્ર યોજનાઓના લાભ પણ બિન અનામત જ્ઞાતિને અપાશે. ઉપરાંત રાજ્યમાં એક રૂપતા જળવાઈ રહે તે માટે પાટીદાર સમાજની સાથે અન્ય સમાજ પણ સમૃદ્ધ થાય તે માટે જો સરકાર સમક્ષ દરખાસ્ત કરવાની થતી હોય તો તેના માટે કાયદાકીય જોગવાઈ મુજબ નવું નિગમ બનાવવા માટે પણ સરકાર વિચારશે અને આ બન્ને બોડી સ્વતંત્ર રીતે કામ કરશે તેને પણ કેબીનેટે મંજુરી આપી છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભો તમામ પરિવારો સુધી પહોંચે તે માટે રાજ્ય સરકાર અને આયોગ ચોક્કસ મદદરૂપ બનશે, તેમ તેમણે ઉમેર્યું હતું. પાટીદાર આંદોલન સમયે પોલીસદમન અંગે તપાસ કરવા માટે હાઈકોર્ટના નિવૃત જજના અધ્યક્ષે પંચ રચવા માટેના નિર્ણયને પણ કેબિનેટ મંજુરી આપી છે, તેમ જણાવી નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, આ બનાવો અંગેની નાગરિકોની ફરિયાદો હશે તેની તપાસ પણ નિવૃત હાઈકોર્ટના જજ દ્વારા કરાશે. સાથે સાથે આંદોલન દરમિયાન જે કેસો થયા છે તે કેસો પાછા ખેંચવાની સત્તા રાજ્ય સરકાર હસ્તક છે તે તમામ કેસો પણ રાજ્ય સરકાર દ્વારા પાછા ખેંચવામાં આવશે. તે માટે ગૃહ અને કાયદા વિભાગમાં પરામર્શમાં રહી યોગ્ય કાર્યવાહી કરવા મુખ્યસચિવ અને ગૃહ સચિવને સુચનાઓ આપી દેવામાં આવી છે. જે કેસો સત્વરે પાછા ખેંચાશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

બ્રહ્મ સમાજને બિનઅનામત આયોગને સ્વીકાર્ય નથી

બ્રાહ્મણ અને અન્ય સવર્ણ સમાજ સાથે ચર્ચા કર્યા વિના ગુજરાત સરકાર દ્વારા કરાયેલી સવર્ણ જ્ઞાતિ આયોગની ચૂંટણીલક્ષી જાહેરાત પરત્વે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા વિરોધ જાહેર કરાયો છે. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મહામંત્રી યજ્ઞેશ દવેએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા બ્રહ્મસમાજ અને અન્ય સવર્ણ સમાજને વિશ્વાસમાં લીધા વિના કરાયેલી આયોગની જાહેરાત બ્રહ્મસમાજને નામંજૂર છે. સવર્ણ જ્ઞાતિમાં આવતાં દરેક બિનઅનામત સમાજની શહેરમાં તા.૫મી ઓકટોબરે ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સરકારની જાહેરાતનો વિરોધ થશે અને ચૂંટણી વખતે તેનો બહિષ્કાર કરાશે. આ મામલે આગામી દિવસોમાં આશ્ચર્યજનક કાર્યક્રમોની પણ જાહેરાત કરાશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બ્રહ્મસમાજ દ્વારા સને ૨૦૧૫થી બ્રહ્મ વિકાસ આયોગની માંગણી કરવામાં આવી હતી પરંતુ માત્ર એક જ પાટીદાર સમાજ અને એમ પણ એક જ ગ્રુપની સાથે મળીને સરકારે કુલડીમાં ગોળ ભાંગે એમ ચૂંટણીલક્ષી સવર્ણ આયોગની જાહેરાત કરી દીધી છે. અન્ય તમામ બિનઅનામત જ્ઞાતિઓને વિશ્વાસમાં લીધા વિના કે તેમની સાથે ચર્ચા વિચારણા કર્યા વિના સવર્ણ સમાજ પર થોપવામાં આવેલા આ આયોગ બ્રહ્મસમાજને નામંજૂર છે. ગુજરાતમાં ૫૦ ટકા બિનઅનામત વર્ગમાંથી માત્ર ૧૬ ટકા મતદાર ધરાવતા પાટીદારોના માત્ર એક જૂથને ચર્ચામાં બોલાવીને ૧૧ ટકા બ્રાહ્મણ અને ૨૩ ટકા અન્ય જ્ઞાતિઓ એમ કુલ ૩૪ ટકા બિનઅનામત જ્ઞાતિને સરકાર દ્વારા હળહળતો અન્યાય કરાયો છે, જે કોઇ સંજોગોમાં સાંખી નહી લેવાય.

ધાનેરામાં શાકભાજીની દુકાનમાં ચોરી કરી તોડફોડ કરી

ધાનેરામાં જાણે અસામાજિક તત્વો નો ત્રાસ વધી ગયો હોય તેમ અસામાજિક તત્વો ધ્વરા શાકભાજી ની દુકાન માં ચોરી કરી તોડફોડ કરતા ધાનેરા માં ભારે નારાજગી જોવા મળી રહી છે. એક તરફ નવરાત્રી નો રંગ જામ્યો છે તો બીજી તરફ ચોર અને અસામાજિક તત્વો પણ સક્રિય બની લોકો ને હેરાન કરી રહ્યા છે ગતરાત્રે ધાનેરા નેનવા ત્રણ રસ્તા પર આવેલા શાકભાજી ના ગલ્લા માં કોઈ અસામાજિક તત્વો ધ્વરા તોડ ફોડ કરી ગલ્લા માંથી ચોરી કરી નાશી જતા દુકાન માલિકે સવાર માં આવી જોયું તો સમગ્ર દુકા ના વેરવિખેર અને તૂટેલી હાલત માં જોઈ ચોકી ગયા હતા અને તાત્કાલિક ધાનેરા પોલીસ ને જાણ કરતા ધાનેરા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે આવી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

ધનસુરા ચાર રસ્તા ટ્રાફિકના પ્રશ્ને પોલીસ નિષ્ક્રિય

ધનસુરા તાલુકા મથકે ચાર રસ્તા આગળથી રોજના અસંખ્ય વાહનોની અવરજવર રહે છે. તમામ રાજ્યોના લોડીંગ વાહનો આ ચાર રસ્તા આગળથી જાય છે. ટ્રાફિકના પ્રશ્ને અનેકવાર રજુઆતો કરવા છતાં કોઈ નિરાકરણ આવતુ નથી. વડાગામ રોડ ઉપર આવેલી સાત જેટલી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ સવાર સાંજ આ ચાર રસ્તા કોસ કરીને જાય છે. અત્યાર સુધી પાંચથી વધુ બાળકોના આ રોડ કોસ કરતા અકસ્માતમાં મોત થયા છે. સ્થાનિક પી.એસ.આઈ. જિલ્લા પોલીસ અધિકારી સમક્ષ સિનિયર સિટીઝન ટ્રસ્ટ દ્વારા લેખિત રજુઆત કરેલ છે. ટ્રાફિક પોલીસ શોભાના ગાંઠીયાની જેમ દૂર ઉભી ટ્રાફિક જોયા કરે છે. ખાસ કરીને સવારે ને સાંજે ટ્રાફિકજામ થઈ જાય છે. ટ્રાફિક નિયમન જળવાતુ નથી. સ્થાનિક પીએસઆઈ સત્વરે જાતે ચેક કરી કાયમી નિકાલ લાવે તેમ પ્રજા ઈચ્છી રહી છે.

પાણી ફોર્સથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાબદાર હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જેના પરિણામે નગરના જુના તેમજ નવા સેકટરોમાં છાશવારે પાણીની બુમ ઉઠવા પામે છે. સે-૨૬ કિસાનનગર સોસાયટીમાં પણ છેલ્લા કેટલાક સમયથી પાણી ફોર્સથી ન આવતા સ્થાનિક રહીશોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.રોજબરોજ પાણીની પોકાર ઉઠવા પામે છે. સોસાયટીમાં કુલ ૧૪૮૦ જેટલા મકાનોમાં પાણી ફોર્સથી ન આવતા સ્થાનિકોમાં રોષ ભભુક્યો છે. સેકટરમાં પાણીની સમસ્યા હલ કરવા માટે છ મહીના અગાઉ જ બગીચામાં નવો બોર બનાવવામાં આવ્યો છે. પરંતુ આ નવિન ટયુબવેલનો ઉપયોગ ન થતો હોવાનુ પણ સ્થાનિકો જણાંવી રહયા છે. સેકટરવાસીઓએ પાણીની સમસ્યા હલ કરવા માટે પાટનગર યોજના વિભાગના તંત્ર સમક્ષ પણ રજુઆત કરી છે. પરંતુ હજુ સુધી કોઇ પગલા લેવાયા નથી.

વિકાસ દેખાતો નથી...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે સૌરાષ્ટ્રમાં ૮ દિવસે પણ પાણી આવતુ ન હતુ. પાણી માટે નાગરિકોએ હિજરત કરવાની ફરજ પડતી હતી. પરંતુ ભાજપના શાસનમાં નર્મદાના નીર વહેતા થતા ટેન્કર રાજ ખતમ થયુ છે. દુધ તેમજ પશુપાલન ક્ષેત્રે પણ ગુજરાત મોખરે છે. વર્ષ ૧૯૯૫ દાયકામાં માત્ર ૭ યુનિવર્સિટી હતી. જયારે હાલ ૫૭ છે. જયારે એન્જિનિયરીંગ ક્ષેત્રે પણ ૧.૨૫ લાખ સીટ છે.ગુજરાત ભારતનુ રોલમોડેલ બન્યુ છે. પ્રધાનમંત્રીના વિઝનથી ટેક્ષનો પૈસૌ ગુજરાત માટે વપરાય છે. હાલ રાહુલ ગાંધી ગુજરાતના આંટા મારે છે. પરંતુ ભ્રષ્ટાચારનો આક્ષેપ કરી શકતા નથી. યુ પી એ સરકારે લાખો કરોડોના કૌભાંડો કર્યા છે. ગુજરાતની જનતા તેનો જવાબ માંગે છે. કોંગ્રેસ સરાદર પટેલને યાદ કરી મગરના આંસુ સારે છે. પરંતુ ૪૦ વર્ષ સુધી ભારત રત્ન એવોર્ડ એનાયત ન કરી તેમનુ અપમાન કર્યુ છે. ચુંટણી ટાંણે ઠાલા વચનો આપે છે. જેમ ચામાચિડીયાને સુરજ ન દેખાય તેમ કોંગ્રેસને વિકાસ દેખાતો નથી. વિકાસની રાજનીતી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાવ્યા છે. કોંગ્રેસ શાસિત રાજયમાં વિકાસનુ ચિત્ર શુ છે. તે અંગે ચર્ચા કરવાની તૈયારી પણ મુખ્યમંત્રીએ દાખવી હતી. ગુજરાતનો વિકાસ દુનિયાએ સ્વીકાર્યો છે. તેમણે ગુડાના કાર્યક્રમ દરમિયાન એમ આઈ જી અને એલ આઈ જી આવાસોનો ડ્રો કર્યો હતો. જયારે કુલ ૨૧૭ કરોડના વિકાસ કામોનુ લોકાર્પણ પણ કર્યુ હતુ. ગુડાના ચેરમેન આશિષ દવેએ પણ ગુડાના વિકાસ કામોની રૂપરેખા વર્ણવી હતી. જયારે ગુડા વિસ્તારમાં વિવિધ માળખાગત સુવિધાના કામો સાથે પ્રજાલક્ષી નવતર કામોના આયોજન અંગે પણ માહીતી પુરી પાડી હતી. ગુડાના લોકાર્પણ કાર્યક્રમમાં શહેરી વિકાસ મંત્રી શંકરભાઈ ચૌધરી, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, પ્રભારીમંત્રી નિર્મળાબેન વાઘવાણી ધારાસભ્ય અશોક પટેલ , મેયર પ્રવિણ પટેલ પુર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ સહીત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

હા, સાહેબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"શું યાદ કરાવવા માંગો છો..?! કોના શબ્દો યાદ કરાઓ છો..?!"

"આપણા સૌના આદરણીય અટલ બિહારી બાજપેયીજીના એ શબ્દો... "પાર્ટીયા બનેગી-બિગડેગી... ઔર તુટેગી... મગર દેશ અડગ રહના ચાહીએ, ભારત જીતા જાગતા રાષ્ટ્ર પુરૂષ હૈ..! ઉસકા કંકર કંકર હમારે લિએ શંકર હૈ..!! ઉનકા ગૌરવ ઔર ગરિમા કે લિયે પાર્ટીયા તો ક્યાં પ્રાણ ન્યૌછાવર કર શકતે હૈ..."

"સાચી વાત છે..! બાજપાયીજીની એક-એક પંક્તિ દેશવાસીઓ માટે પાવન મંત્ર છે..!! એમની વિચારધારા પર પક્ષ અને દેશ ચાલે તો ભારતને વિશ્વ ગુરૂના સ્થાને બેસવામાં કોઈ અટકાવી શકે તેમ નથી..!! "ભારતમાતા... ભારતમાતા કી જય..."

- નિમિત્ત માત્ર

પહેલુ સુખ... ● ૪ પાનાનું ચાલુ...

વિટામિન કે-૨ ખૂબ અગત્યની કાર્યવિધિ માટે જવાબદાર છે. વિટમિન કે-૨ કેલ્શિયમને યોગ્ય જગ્યાએ (એટલે કે દાંત અને હાડકામાં) જમા થવા માટે જરૂરી છે. વિટામિન કે-૨ કેલ્શિયમને માંસપેશીઓ કે રક્તનલિકાઓમાં જમા થતું રોકે છે. હૃદય પણ એક માંસપેશી જ છે. આથી, વિટામિન કે-૨ હૃદય માટે આડકતરી રીત ખૂબ ફાયદાકર છે. વિટામિન કે-૨ આથો આવેલ બનાવટોમાં થી (ઢોકળા-ઈડલી આદિ) મળે છે

- નિયમિત વ્યાયામ અને પ્રાણાયામઃ બેઠાડું જીવન હૃદય માટે ખૂબ નુકસાનકારક છે. આયુર્વેદ પ્રમાણે જોઈએ તો બેઠાડા જીવનથી શરીરનો જઠરાગ્નિ મંદ થાય છે અને શરીરમાં 'આમ' (કાચો ચીકણો રસ) ઉત્પન્ન થાય છે જે હૃદયરોગ સહિત બીજા અનેક રોગોને નોતરે છે. નિયમીત વ્યાયામ અને પ્રાણાયામ હૃદયની માંસપેશીઓ માટે પોષક છે. હવે તો હૃદયને ધ્યાનમાં રાખીને જ અમુક પ્રકારના વ્યાયામ વિકસાવવામાં આવ્યા છે તેને પણ યથાશક્તિ કરી શકાય. - contact@atharvaayu.com

લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

જાપાનવાળા મી. સિંજો સીદી સૈયદને જાળી જોવા ગયા એના બદલે ચન્દ્રવિલાસમાં ગયા હોત તો હેરિટેજ એટલે શું એની ખરેખરી ખબર પડત. ફાફડાની જેટલા જ વણેલા ગાંઠીયા પ્રખ્યાત છે. એમ કહો કે ફાફડા અને ગાંઠીયા સહોદર છે. તેવી રીતે જલેબી જેવી જ ઈમરતી આવે છે. તે ખાસ ઈન્દોરની આયટમ છે. ઘણા તો ઈમરતીને જલેબી જ ગણે છે. પરંતુ તે અડદના લોટમાંથી બને છે, સહેજ જાડી હોય છે અને વધારે સ્વાદિષ્ટ હોય છે એટલો ફરક છે.પંજાબમાં તો લોકો મલાઈ સાથે જલેબી આરોગે છે. રામ, હનુમાનજી અને વાનરસેનાએ યુધ્ધના અંતે જલેબી ફાફડા ઝાપટ્યા હત, તેમ નવ રાત ગરબા ગાઈને થાકેલાપાકેલા ગુજરાતી નરનારી દસમા દિવસે જલેબી અને ફાફડા ખાઈને ગુમાવેલી શક્તિ પુનઃ પ્રાપ્ત કરે છે. ફરસાણવાળાએ શરૂઆતથી જ ફાફડા જલેબીના કાઉંટર ખોલી દીધા છે. એટલે દશેરા આવતા પહેલાં જ ઘણા જુવાનિયાઓએ તો છેક અન્નનળી સુધી ફાફડા-જલેબી ધરબી દીધા છે.લોકો ગરબા ગાય કે નહીં ફાફડા જલેબી જમવામાં સહેજે પાછું વાળીને જોતા નથી. હવે ફાફડા-જલેબીનું કાવ્ય ક્યાંથી લાવું? માફ કરશો ને ભાઈઓ?

સર્જીકલ સ્ટ્રાઈક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય સેનાના પક્ષે ખુવારી થઈ હોવાના અહેવાલ આધારવગરના છે. કલાકો સુધી રમઝટ જામી હતી. આ મહિનાની શરૂઆતમાં પણ ભારતીય સેનાએ અરુણાચલ પ્રદેશમાં ભારત મ્યાનમાર સરહદ ઉપર ઓપરેશન હાથ ધર્યું હતું તે વખતે ત્રાસવાદીઓના અડ્ડાઓને ફૂંકી મારવામાં આવ્યા હતા. એકે ૪૭ અને અન્ય હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા.